**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૩/૦૩/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૩૯૮ લીટર દેશી દારૂ, ૪૭ બિયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૬૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૧૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૫૧૩/૧૫**

**સરખેજ :** સરખેજ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીએ તા.૧૨/૩/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૩/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક આવેલ જાળીઓમાં કુદરતી હાજતે ગયા હતા દરમ્યાન આરોપી અજીત ચંદુભાઇ ચુનારા (ઉ.વ.૨૨)એ તરૂણીની એકલતાનો લાભ લઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**ઓઢવ :** તા.૪/૩/૧૫ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે આરોપી હિતેન્દ્ર મહેશ મંડારકર (રહે. હસ્તીનાપુર સોસાયટી, વિશાલપાર્કની પાછળ, ઓઢવ) એ મધ્યપ્રદેશ જી.ઉજ્જૈન વડનગર ખાતે રહેતી ૨૨ વર્ષની યુવતીને ફેસબુક ઉપર મિત્ર બનાવી, કોમ્પ્યુટર ઉપર ઘરે બેઠા કામ કરવાનો સોફ્ટવેર આપવાના બહાને પોતાના ઘરે બોલાવી યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની ફરીયાદ યુવતીએ મધ્યપ્રદેશ ખાતે નોંધાવતાં, ફરીયાદ ૦૦ નંબરથી દાખલ થયા બાદ તા.૧૨/૩/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે આવતાં ઓઢવ પો.સ્ટે.માં ફરીયાદ નોંધેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૪/૧૫</u>**

**નરોડા :** અમીતકુમાર રમેશચંદ્ર સોની (રહે.આગ્મન રેસીડેન્સી, તક્ષશીલા રેસીડેન્સી પાછળ, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૨/૩/૧૫ સવારનાં ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫,૧૫,૩૦૦/- તેમજ બાજુનાં મકાનનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૬૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૮૦,૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

**<u>સોનાની મગમાળા ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૫/૧૫</u>**

**રામોલ :** નંદાબહેન મુળજીભાઇ કટારીયા (રહે.ધર્મભુમી એપાર્ટમેન્ટ, બાગે ફિરદોસ મ્યુની.ઓફીસની બાજુમાં, સી.ટી.એમ.રામોલ) તા.૧૨/૩/૧૫ રાતના ૮/૦૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નંદાબહેનનાં ગળામાંથી સોનાની મગમાળા કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નંદાબહેનનાં પતિ મુળજીભાઇ કટારીયાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૬/૧૫</u>**

**દરીયાપુર :** રિધ્ધીબહેન મયંકભાઇ ખમાર (ઉ.વ.૨૫)(રહે.મુરલીધરની ખડકી, ભંડેરીપોળ, દરીયાપુર) એ કોઇ કારણસર તા.૧૨/૩/૧૫ બપોરનાં ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.ખરાડી ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.